Chap-1

ભૂમિકા : પ્રાચીન ભારતીય કથાસાહિત્ય – વિહંગાવલોકન

પ્રાસ્તાવિક

મધ્યકાલીન સાહિત્ય-કૃતિનું અધ્યયન પૂર્વપરંપરાની ઓળખ પામીને જ સુપેરે થઈ શકે. સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ-અવાંચીન આર્યભાષાઓ – એવી ભૂમિકાઓના મુકામો ને પરિવર્તનો આવતાં રહ્યાં પણ ભાષા અને સાહિત્યનો પ્રવાહ તો અખંડ ને એકધારો રહ્યો. એટલે, સમગ્ર મધ્યકાલીન સાહિત્યના – અને અત્રે જેનો અભ્યાસ પ્રસ્તુત કર્યો છે એ કથા-કેન્દ્રી સાહિત્યના – પૂર્વકાલીન રૂપનો, એનાં સ્રોત-સ્થાનોનો, પરિચય આરંભે જ કરી લેવો ઉચિત અને જરૂરી ગણ્યો છે. પ્રાચીન ભારતીય કથાસાહિત્યનું વિહંગદર્શન અહીં પ્રસ્તુત કરું છું.

○

'કથા' શબ્દમાં ધાતુ 'કથ્' છે. તેનો અર્થ 'કહેવું' થાય છે. જે કહીએ તે વાસ્તવિક પણ હોય અને કલ્પિત પણ હોય આમ, 'કથા' એટલે વૃત્તાન્તમૂલક રચના. આ કારણે કથામાં અપાર વૈવિધ્ય સંભવિત છે. ઉદ્દ્યોતનસૂરિએ 'કુવલયમાલા–કથા' (ઈ.૭૭૯) માં કહ્યું છે–

'કહબંધે નં નત્થિ જયમ્મિ જં કહ વિ ચુક્કં' અર્થાત્ - 'જગતમાં એવો કોઈ પદાર્થ નથી જેને કથારચનામાં સ્થાન ન મળ્યું હોય.'

આ વિધાન કથાસાહિત્યમાં રહેલાં વૈવિધ્ય અને વ્યાપને સૂચવે છે.

કથામાં મનુષ્યનો સનાતન રસ રહ્યો છે. પરિણામે વિવિધ દેશોમાં છેક પ્રાચીન કાળથી તે આજ સુધી આવું કથાસાહિત્ય સર્જાતું આવ્યું છે. કથા મનુષ્યના કહેવા સાંભળવાના આનંદમાંથી વિકસેલી પ્રવૃત્તિ છે. કહેવું, સાંભળવું અને એમાંથી આનંદ પ્રાપ્ત કરવો એ બધું મનુષ્યના સ્વભાવમાં રહેલું છે. જે આવા સ્વ–ભાવમાંથી પ્રગટે કે ઉદ્ભવે એમાં મનુષ્યનો સનાતન રસ રહેવાનો જ.

આવા કથાસાહિત્યનું ઉદ્‌ગમમૂળ શોધવું મુશ્કેલ છે. ખરેખર તો, મનુષ્યના વિકાસક્રમની સાથે એના ઉદ્‌ગમ અને વિકાસ સંકળાયેલાં છે.

પ્રાચીનતમ કથાનકો અને એનો સમયગાળો

પ્રાપ્ત થતા સાહિત્યિક પુરાવાઓના આધારે કહી શકાય કે ભારતીય કથાસાહિત્ય વિશ્વના કથાસાહિત્યની તુલનાએ અગ્રજ છે. ભારતીય કથાસાહિત્યનાં પ્રાચીનતમ કથાનકો ઋગ્વેદમાં મળે છે. ઋગ્વેદ તથા અન્ય ત્રણ વેદો અપૌરુષેય છે. એનો સંકલનકાળ ઈ. પૂ. ૧૫૦૦ ની આસપાસનો ગણાય છે. જો કે, ઋગ્વેદના સમય અંગે નિશ્ચિતપણે કહી શકાય એમ નથી. આચાર્ય આનંદશંકર ધ્રુવ કહે છે તેમ, 'આ યુગનો આરંભકાળ નક્કી થઈ શકતો નથી. ઈ.પૂ. ૬૦૦૦ વર્ષથી માંડી ઈ.પૂ. ૪૦૦૦- ૩૦૦૦ - ૨૦૦૦ - ૧૪૦૦ - ૧૨૦૦ - ૧૦૦૦ એમ અનેક કાલમર્યાદા સૂચવાઈ છે. પણ કલ્પના, રુચિ અને સંદિગ્ધ પ્રમાણ સિવાય હજી આને માટે નિશ્ચયકારક આધાર મળતો નથી.'[૧]

આ દિશામાં કરાયેલાં મોટા ભાગનાં સંશોધનો માત્ર અટકળ જ પુરવાર થયેલાં છે. જોકે, લોકમાન્ય ટિળક અને હર્મન યાકોબીએ ગણિત અને જ્યોતિષના અભ્યાસ દ્વારા વેદનો કાલનિર્ણય કરવા પ્રયત્ન કર્યો છે એ નોંધપાત્ર છે.

લોકમાન્ય ટિળકે વેદના કાલનિર્ણય વિષે 'આરાયન' નામે અંગ્રેજીમાં મૌલિક સંશોધન ગ્રંથ લખ્યો છે. જેમાં એમણે ગણિત અને જ્યોતિષના અભ્યાસના આધારે વેદનો કાલનિર્ણય કરવા પ્રયત્ન કર્યો છે. ગીતાના દસમા અધ્યાય 'વિભૂતિયોગ'ના શ્લોક ૩૫માં 'मासाना मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकर:' (મહિનાઓમાં માગશર અને ઋતુઓમાં વસંત હું છું.) એવી શ્રીકૃષ્ણની ઉક્તિ છે, એ ઉપરથી માગશર માસથી પૂર્વે વર્ષનો આરંભ થતો હશે એવી કલ્પના લોકમાન્યને થઈ, અને એ કલ્પનાનો વિકાસ કરી એમણે વેદકાલનિર્ણય વિષે એક વિસ્તૃત નિબંધ લખ્યો. વેદમાં વર્ણવાયેલા ગ્રહોની સ્થિતિ ઉપરથી તેમણે પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો છે કે વેદનો સમય ઈ.પૂ. ૬૦૦૦- ૨૦૦૦ ની વચ્ચેનો હોવો જોઈએ. લોકમાન્ય ટિળકની જેમ એમના સમકાલીન જર્મન વિદ્વાન હર્મન યાકોબી સ્વતંત્રપણે વેદકાળ પરત્વે એવા જ નિર્ણય ઉપર આવ્યા હતા. યાકોબી ઈ.પૂ. ૪૫૦૦ - ૪૦૦૦ ની આસપાસ વેદનો સમય અનુમાને છે.[૨]

ટિળક અને યાકોબીના વેદને વધારે પ્રાચીન કાળમાં મૂકવા માટેના આ પ્રયત્નનો ઉગ્ર વિરોધ થયો છે. બીજાઓએ નિરાધાર કલ્પનાના આધારે વેદને વધારે અર્વાચીન કાળમાં મૂકવા માટેનો પ્રયત્ન કર્યો છે. તેથી એની ચર્ચા અહીં સમાવી નથી.

આમ, ભારતીય કથાસાહિત્યનાં પ્રાચીનતમ કથાનકો જે વેદમાંથી પ્રાપ્ત થાય છે એના કાલનિર્ણયનો પ્રશ્ન ચર્ચાસ્પદ રહ્યો છે. વિટરનિટ્ઝે અનેક વિદ્વાનોના વિવિધ મતોની સમીક્ષા કરી વેદના કાલનિર્ણય અંગે સવિસ્તર ચર્ચા કરી છે.[૩] પણ તેઓ ખાતરીપૂર્વક નિરાકરણ આપી શક્યા નથી. ચર્ચાને અંતે ઉપસંહાર કરતાં તેઓ કાલનિર્ણય અંગેનાં સામસામે છેડાનાં બન્ને અંતિમોથી બચી આ સાહિત્યિક યુગનો આરંભ

ઈ.પૂ. ૨૫૦૦ –૨૦૦૦ અને અંત ઈ.પૂ. ૭૬૦ –૫૦૦ અનુમાનવા પ્રેરાય છે. [૪] આમ છતાં જો ઋગ્વેદની પૂર્વમર્યાદા અંગે અનુમાન કરવું હોય તો ઈ. પૂ. ૬૦૦૦ થી ૫૦૦૦ અને ઉત્તરમર્યાદા ઈ.પૂ. ૧૬૦૦ – ૧૫૦૦ અનુમાની શકાય.

વેદના સમય અંગે સંદિગ્ધતા હોવા છતાં એને વિશ્વસાહિત્યનાં પ્રાચીનતમ કથાનકોનાં દૃષ્ટાંત તરીકે સ્વીકારવા પાછળનું કારણ એ છે કે વેદનું સર્જન – સંપાદન વિશાળ ફલક ધરાવતા યુગની સમય–સીમામાં થયેલું છે. ઋગ્વેદનાં આ બધાં જ કથાનકો નજીકના એક જ સમયગાળામાં જન્મેલાં નથી. આથી પ્રાપ્ત થતાં વિવિધ કથાનકોમાં પ્રાચીનતમ કયું એ કહેવું મુશ્કેલ છે. [૫] ઋગ્વેદમાં કથાનકો મુખ્યત્વે દશમા મંડળનાં સંવાદસૂકતમાં નિરૂપાયાં છે. વિવિધ કથાનકોમાં પ્રયોજાયેલી ભાષામાં કોઈ તાત્ત્વિક ભેદ જોવા મળતો નથી, એથી કથાનકના સ્વરૂપના અને આનુષંગિક અન્ય સંયોગોને ધ્યાનમાં રાખી હસુ યાજ્ઞિક સંવાદસૂક્તમાં નિરૂપાયેલ 'યમ–યમી–સંવાદ'ને સૌથી પ્રાચીનતમ કથાનક પુરવાર કરે છે. 'યમ–યમી–સંવાદ' પ્રત્યક્ષ સામાજિક ભૂમિકામાં પાંગરેલો છે. કામતપ્ત બહેન યમી પોતાના ભાઈ યમ પાસે કામોપભોગની માગણી કરે છે અને યમ એ માગણીનો અસ્વીકાર કરે છે. – આ યમ–યમી–સંવાદ' નું કથાનક છે. જે સમય લગ્ન અને સગોત્રબાધની ભાવનાના પાયાનું ચણતર ચાલતું હશે એ સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં પાંગરેલું આ કથાનક છે. [૬]

એ કથાનકોનું સ્વરૂપ

ઋગ્વેદમાંથી મળતાં સંવાદસૂકતો અને કથાસૂકતોનાં કથાનકો સ્વતંત્ર કે સંપૂર્ણ કથા બની શક્યાં નથી. પરિણામે આ કથાનકો કેટલેક સ્થાને તૂટક, સંદિગ્ધ કે દુર્બોધ લાગે છે. તેનો પૂરક ગદ્યભાગ લુપ્ત થયેલો જણાય છે.

પ્રાચીનતમ કથાનકના સ્વરૂપ અંગે ચર્ચા કરતાં વિંટરનિટ્ઝ પાશ્ચાત્ય વિદ્વાન ઓલ્ડનબર્ગના મતને ટાંકીને એ વાતનું સમર્થન કરે છે કે પ્રાચીન ભારતીય કવિતા ગદ્ય અને પદ્યના મિશ્રણરૂપ હતી. ઓલ્ડનબર્ગના મતે ભારતનાં પ્રાચીનતમ મહાકાવ્યોમાં સંવાદ પદ્યોમાં નિબદ્ધ થતા હતા અને એ સંવાદનાં પ્રસંગ ગદ્યમાં ભૂમિકાદિ પ્રસ્તુત કરતાં હતાં. શરૂ–શરૂમાં માત્ર પદ્યને જ લોકો યાદ કરી લેતા અને ગદ્યભાગ એ કથાના કથા–વાચકોની બુદ્ધિ પર છોડી દેતા હતા. જેનું પરિણામ એ આવ્યું કે પદ્યભાગ તો એ સંવાદોનો આજે પણ સુરક્ષિત છે, પણ એ કથાઓનો ગદ્યભાગ લુપ્ત થઈ ગયો છે. એ ગદ્યભાગ લુપ્ત થવાના કારણે કથાઓનાં સંદર્ભની આપણે કોઈ ખબર કે માહિતી મળી શકતી નથી.[૭] વિંટરનિટ્ઝને ઓલ્ડનબર્ગના આ સિદ્ધાંતનું કેવળ ભારતીય સાહિત્યમાં જ નહિ પણ વિશ્વના અન્ય પ્રાચીન સાહિત્યનું પણ સમર્થન મળી રહે છે. ઋગ્વેદમાં ગદ્યભાગની ગેરહાજરી અંગે ખુલાસો કરતાં વિંટરનિટ્ઝ કહે છે

કે ઋગ્વેદની સંહિતામાં ગદ્ય ઉમેરવું શક્ય નહોતું માટે ઋગ્વેદ પદ્યમય વેદ તરીકે જાણીતો છે.[૮]

આમ, પ્રાચીનતમ કથાનકોનું મૂળ સ્વરૂપ ગદ્ય-પદ્યનાં મિશ્રણરૂપ હશે એવું અનુમાન છે. કથાનું સ્વાભાવિક માધ્યમ ગદ્ય હશે અને ઉપદેશ કે નિષ્કર્ષ તારવવા પદ્યનો ઉપયોગ થતો હશે. ઋગ્વેદમાં તો પદ્ય જ મળે છે. એ ઉપરથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતાં સંપૂર્ણ કથાનકોમાંથી જરૂર પૂરતા અંશરૂપ કે અપૂર્ણ કથાનકો ઋગ્વેદમાં સમાવવામાં આવ્યાં હોવાનું અનુમાન છે. આ અંશરૂપ કે અપૂર્ણ કથાનકો એ પૂર્વેનાં સમયગાળામાં સ્વતંત્ર અને સંપૂર્ણ હશે. આ અંગે કોઈ સાહિત્યિક પુરાવા પ્રાપ્ત થતા નથી, પણ આ લુપ્ત ભાગ બ્રાહ્મણ ગ્રંથો ઈત્યાદિમાંથી પ્રાપ્ત થાય છે. એ વાત અનુમાન કરવા પ્રેરે છે કે કથાસાહિત્ય ઋગ્વેદ પૂર્વે પણ અસ્તિત્વમાં હોવું જોઈએ.

વળી, ઋગ્વેદના દશમા મંડળમા પુરુરવા – ઉર્વશી, યમ-યમી, ઇન્દ્ર-વરુણ, વરુણ-અગ્નિ, ઇન્દ્ર-ઇન્દ્રાણી ઈત્યાદિ વચ્ચેનાં સંવાદસૂકતો પ્રાપ્ત થાય છે. એમાં વાર્તાલાપ દ્વારા કથાતંતુનું નિર્વહણ થયેલું જોવા મળે છે. એ કથાનકો કથાના ઉદ્ભવના પ્રારંભિક તબક્કાનો નહીં પણ પાત્રની વાતચીતમાં આકાર લેતાં કથાવસ્તુ દ્વારા વિકાસના તબક્કાનો અણસાર આપે છે. આ લાક્ષણિકતા પણ કથાસાહિત્ય ઋગ્વેદ પૂર્વે અસ્તિત્વમાં હોવું જોઈએ એવા અનુમાનને વધારે દૃઢ કરી આપે છે.

કથાની ઉત્પત્તિ પાછળનો ચૈતસિક વ્યાપાર

ઋગ્વેદમાં કેટલાંક એવાં કથાનકો જળવાયેલાં છે કે જે આદિ માનવના ચૈતસિક વ્યાપારને સ્પર્શતાં હોય. પુરાકથા (Myth) ની ઉત્પત્તિ એમાંથી જ થઈ છે. આદિ માનવના ચૈતસિક વ્યાપારને સ્પર્શતાં આ કથાનકોમાં પ્રાકૃત તત્ત્વો અને ઘટનાઓ પરત્વેનું માનવમનનું ઔત્સુક્ય પ્રતિબિંબિત થાય છે. આવાં કથાનકોમાં બે વાત સ્પષ્ટપણે જોવા મળે છે : એક તો કોઈ આધારરૂપ તથ્ય અને બીજું જે એનું સ્વરૂપ તથ્ય તો તથ્ય જ છે. જેમકે, સૂર્ય પણ એનું સ્વરૂપ કેવું છે? –એ પ્રશ્ન આદિ માનવને થયો હશે. આદિમ માણસ કાર્ય-કારણનો સ્વીકાર કરતો હશે, પણ એ અંગેનો ઉકેલ તાર્કિક બુદ્ધિ દ્વારા નહીં, કલ્પનાશક્તિની મદદે શોધતો હશે. આદિમ માનસ માટે તો સમગ્ર સૃષ્ટિમાં એક સમાન સત્તા પ્રવર્તતી હતી. ત્યાં વ્યક્તિનિષ્ઠ (Subjective) કે વસ્તુનિષ્ઠ (Objective), જાગૃત અવસ્થા કે સ્વપ્ન-અવસ્થા ઇત્યાદિ ભેદ કરવાનું સામર્થ્ય નહોતું. એ કોઈ વસ્તુને વસ્તુના રૂપમાં ન જોતાં પોતાના જેવા જ સ્વરૂપનો માનતો હશે. તેથી સૂર્ય જેવું પ્રાકૃતિક તત્ત્વ પણ એના માટે પોતાના જેવુંજ હતુ. આમ, કાર્યકારણમાં વ્યાપ્ત યથાર્થ કાર્યત્વ અને કારણત્વથી એ અજાણ હતો. આ પ્રકારનું લોકમાનસ વ્યક્તિગત તો ખરું જ પણ સાથે-સાથે સામુદાયિક પણ હતું. જગતના જુદા-જુદા દેશોમાં વસતા માનવ-સમુદાયો વચ્ચેની સમાનતા અને સામાન્યતાના કારણે એ એક સમાનધર્મ બની રહે છે. આમ, દરેક મનુષ્ય આ પ્રકારનો સમાન

ધર્મ ધરાવે છે. આદિ મનુષ્યે પોતાના પ્રાકૃત માનસ (Primitive Mind) વડે વિશ્વજીવનની અગ્રાહ્ય વાસ્તવિકતાને ગ્રહણક્ષમ સ્વરૂપે રજૂ કરવા અને ચિત્તની સ્વસ્થતા માટે પુરાકથાનું સર્જન કર્યું છે. સિતાંશુ યશશ્ચંદ્રે 'સીમાંકન અને સીમોલ્લંઘન' પુસ્તકમાં આ સંદર્ભે નોંધ્યું છે : 'સાગર, વરસાદ, પવન, આગ, મરણ આ બધાંનાં ન સમજી શકાય તેવાં અને ચંડપ્રચંડ બળની સાથે માણસે રહેવાનું તો છે જ. વાવાઝોડાં, પૂર, દાવાનળ, રોગચાળો આ બધું ન સહેવાય, ન સમજાય, છતાં માણસની ઉપર ઝીંકાયે જ જાય. આ બધાં વચ્ચે મૂઢ ન બની જવાય માટે માણસ એમને કોઈ બૃહદ યોજનાના ભાગ તરીકે કલ્પવા માટે મથ્યો. આ એની બુદ્ધિ તેમજ હૃદય બંનેની અનિવાર્ય આવશ્યકતા હતી. તોજ એ અનુભવને ગ્રહણ કરી શકે તેવી માનસિક ચેતનાવસ્થા જાળવી શકે. સંમૂઢ ના બની જાય. એટલે દેવોનું સુગ્રથિત વૃંદ કલ્પ્યું – વરુણ, ઇન્દ્ર, મરુત, અગ્નિ, યમ ને એમનું ઋત : ઋત્ એટલે જ તો આકાર. આકાર એટલે જ તો સ્વસ્થતા.' [૯]

વેદમાં નિરૂપાયેલાં આવાં પુરાકથાત્મક (Mythical) કથાનકોને આદિ માનવના ચૈતસિક વ્યાપારની



પ્રક્રિયા સાથે નીચે પ્રમાણે દર્શાવી શકાય :

હસુ યાજ્ઞિકે યર્થાથ જ કહ્યું છે : 'જગત અને જીવનને સમજવા માટે પ્રવૃત્ત બનેલી કલ્પનાશક્તિમાંથી કલા અને ધર્મનો સહજન્મ શક્ય બન્યો.'[૧૦]

આમ, ઋગ્વેદમાં પ્રાપ્ત થતાં પ્રાચીનતમ કથાનકો માંથી કેટલાંક પુરાકથાત્મક (Mythical) છે, તો

કેટલાંક તત્કાલીન સામાજિક સંદર્ભમાં પાંગરેલાં છે. જેનો વારસો એના અનુગામી સાહિત્યમાં ઝિલાયેલો જોવા મળે છે.

લોકથાનકો અને સાહિત્યિક પરંપરા

વિદ્વાનોનો એક મત એ છે કે ઋગ્વેદ પૂર્વે પણ કથાસાહિત્ય કોઈક ને કોઈક સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતું હતું. ખેરખર તો, પ્રાચીન ભારતીય કથાસાહિત્યનાં મૂળમાં લોકકથાઓ રહેલી છે. લોકકથા એ લોકસાહિત્યનું સ્વરૂપ છે અને લોકસાહિત્ય લોકવિદ્યા(Folklore)નું વિશિષ્ટ અંગ છે. લોકસાહિત્ય કાલક્રમે અનેકવિધ રૂપોએ કે પ્રકારે વિકસ્યું છે. તત્કાલીન લોકસમુદાયમાં પ્રચલિત, લોકકલ્પનાના આધારે ઘડાયેલી લોકકથા ધીમે-ધીમે સાહિત્યિક પરંપરામાં સમાવેશ પામી છે. આ લોકકથાઓ સાહિત્યિક પરંપરામાં પ્રવેશી ગ્રંથસ્થ થઈ એ પૂર્વે એનું અસ્તિત્વ મુખ-પરંપરામાં હતું.

લોકકથાઓનો સાહિત્યિક પરંપરામાં પ્રયોજનસહ ઉપયોગ થયો છે. મુખ્યત્વે બે પ્રયોજન ગણાવી શકાય :

(૧) ધાર્મિક

(૨) લોકરંજક

ધાર્મિક પ્રયોજનમાં જે – તે ધર્મસિદ્ધાંતની સ્થાપના, નીતિમય બોધ-ઉપદેશ ઇત્યાદિનો સમાવેશ થાય છે. લોકરંજક પ્રયોજનમાં મુખ્યત્વે મનોરંજનનો ઉદ્દેશ હોય છે, પણ ક્યારેક એની સાથે નીતિબોધ ધ્વનિત થતો જોવા મળે છે. ધાર્મિક અને લોકરંજક પ્રયોજનથી રચાયેલા પ્રાચીન ભારતીય કથાસાહિત્યનો જરા વિગતે પરિચય મેળવીએ :

(૧) ધર્મલક્ષી પ્રાચીન ભારતીય કથાસાહિત્ય

પ્રાચીન કાળમાં વિભિન્ન સંપ્રદાયના પ્રવર્તકો અને આચાર્યોએ લોકસમુદાય સમક્ષ ધર્મોપદેશની રજૂઆત કરવા લોકપ્રચલિત કથાવાર્તાઓનો બોધાત્મક (ઉપદેશાત્મક) કે મનોરંજક દૃષ્ટાંત લેખે વિનિયોગ કર્યો છે. પ્રાચીન ભારતના મુખ્ય ત્રણ ધર્મો – વૈદિક (બ્રાહ્મણ), બૌદ્ધ અને જૈન-એની ધર્મસાહિત્યની પરંપરામાં આવી અનેક લોકકથાઓ સાંપડે છે. ત્રણે ધર્મોની ધર્મસાહિત્ય પરંપરાનો સંક્ષિપ્ત ખ્યાલ મેળવીએ :

(અ) વૈદિક પરંપરા (બ્રાહ્મણ / વૈદિક સ્રોત)

આગળ જોયું તેમ ઋગ્વેદમાં પ્રાચીનતમ કથાનક પ્રાપ્ત થાય છે. શશિન ઓઝા કહે છે તે પ્રમાણે ઋગ્વેદમાં લોકકથા તેના વિશિષ્ટ પ્રાચીન સ્વરૂપમાં – આખ્યાન સ્વરૂપમાં મળી આવે છે.[૧૧] ઋગ્વેદનાં સંવાદ–સૂક્તોમાં આ પ્રકારનાં આખ્યાનો જોવા મળે છે. એમાં 'યમ–યમી–સંવાદ' ઉપરાંત 'ઉર્વશી અને પુરુરવા આખ્યાન', 'શુનઃશેપ આખ્યાન', 'ઇન્દ્ર અને વૃત્ર' ઇત્યાદિનો સમાવેશ કરી શકાય.

ઋગ્વેદમાં સમાવિષ્ટ આ કથાનકો અપૂર્ણ અને અંશરૂપ લાગે છે, પણ એના પૂરક અંશો વેદાનુષંગે રચાયેલા બ્રાહ્મણગ્રંથોમાં મળી રહે છે. એવી ચર્ચા આગળ કરી જ છે. બ્રાહ્મણ ગ્રંથોમાં પૂરક અંશોની હાજરી કથાસાહિત્યના મૂળ લોકકથામાં હોવાની વાતને વધારે પુષ્ટ કરી આપે છે. બ્રાહ્મણ ગ્રંથોમાં કેટલાંક કથાનકોનો વિસ્તાર–વિકાસ થયેલો છે, તો કેટલાંક નવાં જ કથાનકો અસ્તિત્વમાં આવ્યાં છે. બ્રાહ્મણ ગ્રંથો(ઈ. પૂ. ૮૦૦–૫૦૦)માં 'ઐતરેય બ્રાહ્મણ'માં 'શુનઃશેપ કથા' નો વિસ્તાર થયેલો જોવા મળે છે. 'શતપથબ્રાહ્મણ'માં આવી અનેક વિસ્તૃત થયેલી કથાઓ મળી આવે છે. જેમકે, 'કદ્રુ–સુપર્ણા કથા', 'જલપ્લાવન કથા' ઇત્યાદિ. 'તાંડય બ્રાહ્મણ'માં 'વાક્‌ની કથા', 'સ્વર્ભાનુ, અસુર અને અત્રિની કથા' ઇત્યાદિ કથાઓનો સમાવેશ થાય છે.

ઉપનિષદોમાં (ઈ.પૂ. છઠ્ઠી શતાબ્દી આસપાસ) જોઈએ તો 'કેન ઉપનિષદ'માં આવતું 'ઉમાહૈમવતી આખ્યાન', 'કઠોપનિષદ'માં આવતી 'યમ અને નચિકેતા કથા', 'છાન્દોગ્ય ઉપનિષદ'માં પ્રાપ્ત થતી 'જાબાલ–સત્યકામ કથા', 'જાનશ્રુતિ રૈકવ કથા' , 'બૃહદારણ્યકોપનિષદ' માં પ્રાપ્ત થતી 'ગાર્ગ્ય અને અજાતશત્રુ સંવાદકથા', 'યાજ્ઞ–વલ્કય' તથા જનક આખ્યાન' ઇત્યાદિમાં લોકકથા આખ્યાનરૂપે પ્રાપ્ત થાય છે.

વેદાંગ સાહિત્યમાં (ઈ.પૂ. ૪૦૦) 'શૌનક બૃહદ્દેવતા'માં 'શ્યામાશ્વની કથા', 'સરમા અને પણિની કથા', 'દીર્ઘ–તમસ કથા', 'નાહુષ અને સરસ્વતી કથા' ઇત્યાદિ અનેક લોકકથાઓ આખ્યાનરૂપે પ્રાપ્ત થાય છે.

ઈ.પૂ. ૫૦૦ થી ઈ.પૂ. ૫૦ વચ્ચેના ગાળામાં રચાયેલા 'રામાયણ' અને 'મહાભારત'માં આખ્યાનરૂપે કે આડકથારૂપે અનેક લોકકથા પ્રાપ્ત થાય છે. 'રામાયણ'માં 'મહાભારત'ની તુલનાએ અલ્પ પ્રમાણમાં આખ્યારૂપ લોકકથા સાંપડે છે. જેમા 'ઋષ્યશ્રૃંગ આખ્યાન કથા', 'દધીચિકથા', 'ગંગાવતરણ કથા' ઇત્યાદિ નોંધપાત્ર છે. 'મહાભારત'માં કૌરવ–પાંડવ વચ્ચેના યુદ્ધ પ્રસંગને કેન્દ્રમાં રાખી અનેક નાના–મોટાં કથાનકો લોકકથામાંથી સંકળાયેલા મળે છે. એવાં ઉપાખ્યાનોમાં 'શકુન્તલાખ્યાન', 'રામાખ્યાન', 'ગંગાવતરણ', 'સાવિત્રી આખ્યાન', 'નલોપાખ્યાન' ઇત્યાદિ વિશેષ જાણીતા છે. 'રામાયણ' મુખ્યત્વે એક સર્જકની રચના હોય સર્જકની દૃષ્ટિ તળે સર્જાવાનો લાભ એને મળી શક્યો છે, જ્યારે 'મહાભારત' વિવિધ સંપાદનોનો

આકરગ્રન્થ બની રહે છે. 'રામાયણ' એક મુખ્ય કથાના બૃહત્ સ્વરૂપે અને 'મહાભારત' એમાં સંગ્રહાયેલા વિવિધ કથાનકોને કારણે બૃહત્ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. 'રામાયણ' અને 'મહાભારત'માં પ્રયોજાયેલા અંગો અને યોજના પાછળથી રચાયેલા મહાકાવ્યોના સર્જનમાં આદર્શરૂપ રહ્યાં છે. એટલું જ નહીં પણ મહાકાવ્યોના આધારે અપભ્રંશમાં ચરિતકાવ્યો વિકસ્યાં અને મધ્યકાલીન ગુજરાતીમાં કથાપ્રધાન સ્વરૂપોએ એનો વારસો જાળવ્યો છે. કાવ્યનો પ્રારંભ, કથાવસ્તુની માંડણી, એનું નિર્વહણ, પાત્રાલેખન, વર્ણન, અંતે આવતી ફલશ્રુતિ ઇત્યાદિ આ મહાકાવ્યોનાં વિશિષ્ટ લક્ષણો ઉત્તર પરંપરામાં જળવાયાં છે.

પૌરાણિક સાહિત્યમાં આ લોકકથા બ્રાહ્મણ ધર્મના સિદ્ધાંતો, અચારવિચાર અને તત્કાલીન સમાજનો પ્રભાવ પામી જુદા પ્રકારે વિકસી છે.

રામાયણ – મહાભારતમાંથી કથાવસ્તુ પસંદ કરી રચાયેલાં અનેક મહાકાવ્યો જેમ કે, 'રઘુવંશ', 'શિશુપાલવધ' ઇત્યાદિમાં કથાવસ્તુનો આછો આધાર લઈ કાવ્યત્વ પ્રગટાવવામાં આવ્યું છે.

આમ, વૈદિક ધર્મસાહિત્યની પરંપરામાં ઋગ્વેદથી આરંભી બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, આરણ્યકો, પુરાણગ્રંથો, રામાયણ, મહાભારત ઈત્યાદિમાં લોકકથા આખ્યાનરૂપમાં વિકસેલી જોવા મળે છે. વૈદિક ધર્મસાહિત્યમાં પુરાકથા, ધર્મકથા, વ્રતકથા, લોકકથા ઇત્યાદિ જોવા મળે છે. આ પ્રકારના ધર્મસાહિત્યમાં જીવનમૂલ્યોનો પ્રચાર કરાયેલો જોવા મળે છે.

(આ) બૌદ્ધ પરંપરા (બૌદ્ધ સ્રોત)

બૌદ્ધ અને જૈન ધર્મની ધારાના ઉદ્ગમ મૂળ ઉપનિષદ્કાળ પહેલાના છે. એમાં પણ ઉપનિષદનાં દર્શનમાં વિશ્વાસ ન ધરાવનાર નાસ્તિક દર્શન તરીકે એ સ્થાન ધરાવે જ છે. પુનર્જન્મ, વૈરાગ્ય, આત્મવિદ્યા ઇત્યાદિ બૌદ્ધ અને જૈન ધર્મના પ્રાણભૂત સિદ્ધાંતો ઉપનિષદની વૈચારિક સૃષ્ટિમાં પ્રતિપાદિત થતા જોવા મળે છે.[૧૨] ગૌતમ બુદ્ધ કે મહાવીર સ્વામીના જન્મ પછી ઉપરોક્ત બે ધર્મધારાઓ વિકસી, પણ એ પૂર્વે સ્વતંત્ર અને ભિન્ન ધર્મધારા અસ્તિત્વ ધરાવતી હતી. ગંગા અને યમુનાના પ્રદેશમાં વસવાટ કરતા લોકોની આર્યો જેટલી જ પ્રાચીન ધર્મવભાવનાને એ. એન. ઉપાધ્યે 'માગધી–ધર્મ' એવું નામ આપે છે.[૧૩] એમાંથી કાળક્રમે બૌદ્ધ અને જૈન એવા સ્વતંત્ર ધર્મપંથો અસ્તિત્વમાં આવ્યા. વૈદિકથી વ્યાવર્તક ધર્મસિદ્ધાંતો પ્રસ્તુત અને સ્થાપિત કરવા આ બન્ને ધર્મોએ લોકકથાનકોનો જુદાં જ પ્રકારે ઉપયોગ કર્યો.

બૌદ્ધ પરંપરા કે સ્રોતનું કથાસાહિત્ય પિટક, જાતક અને અપદાનમાં પ્રાપ્ત થાય છે. પણ એ પૂર્વે ભગવાન બુદ્ધ શ્રોતાઓને અનુલક્ષી ધર્મોપદેશ આપવા વિવિધ કથાઓ, કહેવતો, સદુક્તિઓનો પ્રયોગ કરતા. ત્યાર બાદ બૌદ્ધ ભિક્ષુઓ અને પ્રચારકોએ એના અનુકરણમાં લોકસમુદાયમાં પ્રચલિત લોકકથામાં ધાર્મિક સામગ્રીનું મિશ્રણ કરી ધર્મકથાઓનું નિર્માણ કર્યું છે.

બૌદ્ધ ધર્મનું સાહિત્ય ત્રણ 'પિટક' – 'ત્રિપિટક'માં સંકલિત છે. વિનયપિટક, સુત્તપિટક અને અભિધમ્મપિટક – આ ત્રણેય પિટકોમાંથી વિનયપિટક અને સુત્તપિટકમાં બુદ્ધના જીવનને સ્પર્શતી હકીકતમૂલક અને કલ્પનામૂલક ધર્મકથાઓ પ્રાપ્ત થાય છે.

'સુત્તપિટક'માં જુદાં–જુદાં પાંચ નિકાય, એમાંનો એક નિકાય તે 'ખુદ્દકનિકાય'. 'ખુદ્દકનિકાય'ના ૧૫ ગ્રંથોમાંનો એક ગ્રંથ તે 'જાતકકથા'. જે વર્તમાન સમયે 'જાતક' ('જાતકાર્થવર્ણના') તરીકે ઉપલબ્ધ થાય છે, તે એના મૂળ સ્વરૂપમાં નહીં પણ પાછળના રૂપાંતરિત અને સંપાદિત રૂપમાં પ્રાપ્ત થાય છે. 'જાતકકથા'ની રચના ઈ.સ. પાંચમી શતાબ્દી પૂર્વે થયાનું અનુમાન છે. ગૌતમ બુદ્ધને બુદ્ધત્વ પ્રાપ્ત થયું તે પૂર્વેના ભવની કે પ્રસ્તુત ભવની તે પૂર્વેની અવસ્થા દર્શાવતી કથા એ 'જાતકકથા'. કથાનક પ્રત્યેના શ્રોતાનાં માનશ્રદ્ધા વધારવાં 'જાતકકથા'માં કથાનકોને બુદ્ધના જીવન સાથે સાંકળવાની પરંપરા સ્વીકાર પામી જણાય છે. જાતકમાં બોધકથા, પરીકથા, ટુચકા, સાહસ, શૌર્ય – પ્રેમકથા, નીતિકથા, ઉપદેશકથા એમ વિવિધ પ્રકારનાં કથાનકો મળે છે. આ કથાનકો ગદ્યમાં છે અને વચ્ચે –વચ્ચે બોધ, ઉપદેશ કે નિષ્કર્ષ તારવવા પદ્યનો ઉપયોગ થયો છે.[૧૪]

સંસ્કૃત 'અવદાન' નું ગુજરાતીમાં 'અપદાન' થયું. અપદાન એટલે નોંધવા યોગ્ય કૃત્યો. આથી પિટક કે જાતકની જેમ કથાનકો બુદ્ધ સાથે સંબંધિત નથી, પણ સાધુ અને સાધ્વીના જીવન સાથે સંકળાયેલાં છે. 'અવદાન શતક', 'દિવ્યાવદાન', 'બોધિસત્ત્વાવદાનમાલા' ('જાતકમાલા'), 'કલ્પમંડિલિકા', 'ખુદ્દક નિકાય' અંતર્ગત આવતાં ચરિયા પિટક', 'મહાવસ્તુ' ગ્રંથ અંતર્ગત આવતી કથાઓ, 'સૂત્રાલંકાર', 'અવદાન કલ્પલતા', 'ધમ્મપદ અટ્ઠકથા', 'લલિત વિસ્તાર', 'નિદાન કથા', 'બુદ્ધચરિત્ર' ઇત્યાદિમાં બૌદ્ધધર્મનું કથાત્મક સાહિત્ય પ્રાપ્ત થાય છે. પણ મુખ્યત્વે તો બૌદ્ધધર્મનું કથાત્મક સાહિત્ય 'જાતકકથા'નાં સ્વરૂપમાં જ પ્રાપ્ત થાય છે.

બૌદ્ધ પરંપરાનાં ધાર્મિક કથાસાહિત્યમાં અહિંસા, પ્રેમ, ત્યાગ જેવાં જીવનધારક મૂલ્યોની પ્રસ્થાપના કરવાનો ઉદ્દેશ મુખ્યત્વે જોવા મળે છે. બોધકથા, દૃષ્ટાંતકથા, દંતકથા ઇત્યાદિ સ્વરૂપોમાં કથાસાહિત્ય પ્રાપ્ત થાય છે.

(ઈ) જૈન પરંપરા (જૈન સ્રોત)

જૈનધારા બૌદ્ધધારાની અનુગામી છે. બૌદ્ધ સાધુઓની જેમ જૈન સાધુઓએ ધર્મસિદ્ધાંતોને સરળતાથી સમજાવવા, ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવા તત્કાલીન લોકપ્રચલિત કથાઓનો આશરો લીધો છે. જૈન સ્ત્રોતમાં જૈન સાહિત્ય મુખ્યત્વે આગમોમાં સંગ્રહીત છે. આગમનો અર્થ ભવિષ્યકથન થાય છે. આવનારા ભવિષ્યનું સૂચન કરતી કથાઓમાં ધર્મધ્યાન, ઉપવાસથી મોક્ષ, કર્મનો સિદ્ધાંત ઇત્યાદિ જૈનધર્મના

ગુણવિશેષોનો પરિચય પ્રાપ્ત થાય છે. આગમ સાહિત્યમાં તપ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય અંગે ઉપદેશાત્મક કથાવાર્તા સંગ્રહ પામ્યાં છે. સ્થૂલ અને સંસારી વાસના કે સંબંધો પ્રત્યે વૈરાગ્ય પ્રેરતી મનોવૈજ્ઞાનિક માવજત એમાં નોંધપાત્ર છે. હસુ યાજ્ઞિક યર્થાથ જ કહે છે, 'કથાનો ઉપયોગ બ્રાહ્મણ ધારાએ માનવમનના શ્રદ્ધા સામર્થ્યને જગાડવા કર્યો, બૌદ્ધ ધારાએ ત્વના સૂક્ષ્મ તંતુને સુગ્રાહ્ય કરવામાં કર્યો અને જૈન ધારાએ ધર્મપ્રતિપાદિત સિદ્ધાંતોને ચુસ્ત રીતે પાળી શકાય એ પ્રકારની મનોદશા સર્જાવવા કર્યો.'[૧૫]

જૈન પરંપરાના મૂળ ધર્મગ્રંથ આગમનો સંપાદન સમય ઈ.સ. ની પહેલી સદીમાં ગણી શકાય. આ આગમના ત્રીજા ચૂળામાં મહાવીરના જીવનની કથા અને પાંચમા અંગમાં ભગવતી –વિયાહ–પણ્ણતિ તથા છઠ્ઠા અંગમાં મહાવીરના મુખે કહેવાતી નાયાધમ્મકહાઓ મહત્ત્વની કહી શકાય. નાયાધમ્મકહાઓમાં પ્રાપ્ત થતી વિવિધ પ્રકારની કથાઓ પ્રાચીન કથાસાહિત્યની દષ્ટિએ અનેક રીતે મહત્ત્વની છે. આગમનાં સાત, આઠ અને અગિયારમાં અંગમાં પણ કથાઓ પ્રાપ્ત થાય છે.

આગમો ઉપરાંત તે પરથી રચાયેલ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા ઇત્યાદિમાં જૈન કથાસાહિત્ય પ્રાપ્ત થાય છે. જેમાં જુદી–જુદી તત્કાલીન સમયે પ્રચલિત તથા પૂર્વપ્રચલિત લોકકથાનો ઉપયોગ થયેલો છે. જૈન સ્ત્રોતનું કથાસાહિત્ય મુખ્યત્વે ગદ્યમાં જ છે. નાયાધમ્મકહાઓમાં કથાના હેતુ, સાર પદ્યમાં આપેલા જોવા મળે છે.

જૈન સાધુ સંઘદાસગણિવાચક વિરચિત 'વસુદેવ હિંડી' પણ જૈન કથાસાહિત્ય પરંપરામાં ઉલ્લેખનીય છે. ગુણાઢ્ય કવિકૃત 'બૃહત્કથા' લુપ્ત થઈ, પણ એમાંથી ઊતરી આવેલ ત્રણ સંસ્કૃત અને એક પ્રાકૃત રૂપાંતર પ્રાપ્ત થાય છે. 'વસુદેવ હિંડી' પ્રાકૃતમાં કરવામાં આવેલું 'બૃહત્કથા'નું જૈન રૂપાન્તર છે. નરવાહન દત્તના સ્થાને જૈન પુરાણકથા પ્રમાણે શ્રી કૃષ્ણના પિતા વસુદેવનું પરિભ્રમણ અહીં વિષય બનેછે. યુવાવસ્થામાં વસુદેવ ગૃહત્યાગ કરી નીકળ્યા અને વર્ષોના પરિભ્રમણ દરમિયાન એમને અનેક માનવ અને વિદ્યાધર કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતા તથા અનેક પ્રકારનાં પરાક્રમો કરતાં જગતના કડવા–મીઠા અનુભવો લીધા એનું વર્ણન છે. આ વૃત્તાન્ત 'વસુદેવ–હિંડી' નું મુખ્ય કલેવર છે, પણ જ્યાં જ્યાં તક મળી ત્યાં–ત્યાં કર્તાએ અનેક ધર્મકથાઓ, લોકકથાઓ અને વાદસ્થલો તેમજ તીર્થંકરો, સાધુઓ અને ધાર્મિક પુરુષોનાં ચરિત્રો તથા 'કથાનુયોગ'માં સમાવેશ પામતી બીજી અનેક વાર્તાનું નિરૂપણ કરીને બુહદ્ સ્વરૂપે ધર્મકથા રચી છે.[૧૬]

જૈન સાહિત્ય આશરે ઈ.સ. ની પહેલી સદીથી આરંભી ૧૯મી સદીના અંત સુધી ઠીક–ઠીક પ્રમાણમાં રચાતું આવ્યું છે. પ્રાચીન સમયમાં કથાગુચ્છો કે કથાસંગ્રહો જોવા મળે છે. પણ પાંચમી સદીથી પંદરમી સદી સુધીમાં મૂળ ધર્મગ્રંથોમાં બીજરૂપ રહેલાં કથાનકોની સ્વતંત્ર રચનાઓ પ્રાપ્ત થાય છે. ચરિત્ર, પ્રબંધ, રાસા કે કથાકોશ મળે છે.

જૈન પરંપરામાં પ્રાપ્ત થતું ધાર્મિક કથાસાહિત્ય ખાસ તો નીતિમય જીવન જીવવાનું પ્રેરક બળ કથાઓ વડે પ્રજામાનસને આપતું જોવા મળે છે. અને એ દ્વારા જૈન ધર્મનો મહિમા પ્રસ્થાપિત કરવાનો ઉદ્દેશ સિદ્ધ કરે છે. આ પરંપરામાં બોધકથા, દંતકથા, દષ્ટાંતકથા, ધર્મકથા ઇત્યાદિ પ્રાપ્ત થાય છે.

આમ, ધાર્મિક પ્રાચીન ભારતીય કથાસાહિત્ય મુખ્યત્વે વૈદિક, બૌદ્ધ, જૈન પરંપરામાં ભિન્ન–ભિન્ન સ્વરૂપે વિકાસ પામ્યું છે. વૈદિક ધર્મસાહિત્યની પરંપરામાં કથાસાહિત્ય મુખ્યત્વે આખ્યાનરૂપે વિકસેલું છે, જ્યારે બૌદ્ધ અને જૈન ધર્મસાહિત્યની પરંપરામાં કથાસાહિત્ય ધાર્મિક સિદ્ધાંતો કે સૂત્રો સમજાવવા દષ્ટાંતરૂપે વિકસેલું જોવા મળે છે.

વૈદિક કરતાં જૈન અને બૌદ્ધ પરંપરા સમાજ સાથે વધારે નિકટતાથી સંકળાયેલાં જણાય છે. બૌદ્ધ અને જૈન પરંપરામાં પ્રાપ્ત થતાં કથાત્મક ધર્મગ્રંથોની ભાષા, પાત્રો ઇત્યાદિ એમને સમાજની સન્મુખ કરી આપે છે. જે સમયે વૈદિક સાહિત્ય સંસ્કૃતમાં રચાતું હતું ત્યારે બૌદ્ધો અને જૈનોએ સુધારક દષ્ટિ અપનાવી તત્કાલીન લોકસમુદાયમાં પ્રચલિત લોકભાષાઓમાં સાહિત્ય રચ્યું અને પોતપોતાનાં ધર્મનો પ્રચાર–પ્રસાર કર્યો. આમ, થતાં જે લોકસંપર્ક બૌદ્ધ અને જૈન પરંપરામાં જોવા મળે છે તે વૈદિકમાં જોવા મળશે નહિ. આ ઉપરાંત વૈદિક મોટાભાગનું સાહિત્ય પુરાકથાકીય–પુરાકથાત્મક (Mythical) છે. એમાં દેવી – દેવતાઓ પાત્રરૂપે આવતાં, એની પુરાકથા રજૂ થતી. જ્યારે બૌદ્ધ અને જૈન સાહિત્યનો એ પ્રકારનો કોઈ સંદર્ભ નથી. આવા સાહિત્યમાં તો રાજા–શ્રેષ્ઠીથી માંડીને સમાજના નિમ્નવર્ગનાં પાત્રો નિરૂપાતાં.

અલબત્ત, બૌદ્ધ અને જૈન પરંપરામાં વૈદિક પરંપરામાં પ્રચલિત રામકથા અને કૃષ્ણકથા સ્થાન પામે છે. ત્યારે આ પ્રકારની કથાના માળખામાં જે – તે સંપ્રદાયનો નિજી રંગ, ધર્મઝાંય (Religious shades) ઉમેરાય છે. આ પ્રકારે અન્ય ધાર્મિક પરંપરામાં પ્રચલિત કથાને પોતાની ધાર્મિક પરંપરામાં પ્રયોજવા પાછળ પોતાનાં ધર્મપંથનું ગૌરવ, મહત્તા અને શક્તિ પ્રસ્થાપિત કરવાનો, ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરવાનો અને પોતાના ધર્મ પ્રત્યે લોકોની માનશ્રદ્ધા દઢ કરવાનો હેતુ સંકળાયેલો હોય છે.

ધાર્મિક પ્રયોજનઅર્થે કથા સાધનરૂપ હતી. તેમ છતાં કથામાં આવતી રોચક, ચમત્કારી ઘટનાપ્રચુરતા અને રસિક નિરૂપણશૈલી ભાવક – શ્રોતાને આકર્ષવા માટે સમર્થ હતી.

ધાર્મિક પ્રાચીન ભારતીય કથાસાહિત્ય અંગે ચર્ચા પૂરી કરતાં પહેલા એક વાત ખાસ નોંધપાત્ર છે કે બૌદ્ધ સાહિત્ય તો કાળક્રમે ભારતમાંથી અન્ય દેશોમાં એ ધર્મની સાથે જ ગમન કરી ગયું. પણ વૈદિક અને જૈન પરંપરાનું કથાસાહિત્ય એના ઉદ્ગમથી શરૂ કરીને તે છેક આજ સુધી વિકાસ પામતું રહ્યું છે. મધ્યકાલીન કથાસાહિત્યને વૈદિક અને જૈન ધાર્મિક પરંપરાના પ્રાચીન કથાસાહિત્યનો સમૃદ્ધ વારસો પ્રાપ્ત થયો છે.

(૨) લોકરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્ય

પ્રાચીન ભારતીય કથાસાહિત્યને લોકરંજક પ્રયોજનની દષ્ટિએ તપાસીએ તો બૌદ્ધ અને જૈન પરંપરામાં શુદ્ધ મનોરંજક સાહિત્ય પ્રાપ્ત થતું નથી. વૈદિક પરંપરામાં આવું મનોરંજક સાહિત્ય પ્રાપ્ત થાય છે.

આપણા દેશના પ્રાચીન સાહિત્યમાં અનેકવાર એવું બન્યું છે કે કોઈ પ્રસિધ્ધ પ્રાકૃત ગ્રંથના સંસ્કૃતમાં સારોદ્ધાર અને સંક્ષેપ તૈયાર થાય એટલે મૂળ ગ્રંથ ક્રમશઃ લુપ્ત થઈ જાય. એવું જ વૈદિક કે બ્રાહ્મણ પરંપરામાં ઉદ્‌ભવેલી રંજક કથાઓથી યુક્ત 'બૃહત્કથા' વિશે બન્યું. ગુણાઢ્ય કવિની ઈ.સ.ની પહેલી સદી આસપાસ પૈશાચી ભાષામાં રચાયેલી 'બૃહત્કથા' લુપ્ત થઈ, પણ એમાંથી ઉતરી આવેલ ત્રણ સંસ્કૃત અને એક પ્રાકૃત રૂપાંતર, સંક્ષેપ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત એના અસ્તિત્વ વિષે પ્રાચીન સાહિત્યસ્વામીઓની કૃતિમાંથી પણ પ્રમાણો મળી રહે છે.

કવિ કાલિદાસે એના 'મેઘદૂત'માં (મેઘદૂત, પૂર્વમેઘ શ્લોક ૩૧), કવિ બાણે 'હર્ષચરિત્ર'માં (હર્ષચરિત્ર, મંગલશ્લોક ૧૭), સુબંધુએ 'વાસવદત્તા'માં, દંડીએ 'કાવ્યાદર્શ'માં, ધનંજયે 'દશરૂપક' માં, (ટીકાકાર ધનિકે પણ) અને ધનપાલે 'તિલકમંજરી'માં 'બૃહત્કથા' નો ઉલ્લેખ કર્યો છે. જૈન સાહિત્યની પરંપરામાં પણ 'બૃહત્કથા'ના ઉલ્લેખ સાંપડે છે. 'નિશીથસૂત્રચૂર્ણી'માં (નરવાહનકથા તરીકે), ઉદ્યોતનસૂરિએ 'કુવલયમાલા'માં (મંગલાચરણમાં), અને આચાર્ય હેમચન્દ્રે 'કાવ્યાનુશાસન'ની વૃત્તિમાં (અધ્યાય ૮, સૂત્ર ૮), 'બૃહત્કથા' નો નિર્દેશ કર્યો છે. આ ઉપરાંત દક્ષિણ હિન્દના એક તામ્રપત્રમાં (ઈ.સ. નો છઠ્ઠો સૈકો) તથા કંબોડિયાના એક શિલાલેખમાં (ઈ.સ. નો નવમો સૈકો) 'બૃહત્કથા'નો ઉલ્લેખ સાંપડે છે.[૧૭] આ બધા ઉલ્લેખો 'બૃહત્કથા'ના અસ્તિત્વના દ્યોતક છે.

આગળ નોંધ્યું છે તેમ 'બૃહત્‌કથા'નાં ત્રણ સંસ્કૃત રૂપાંતરો કે સંક્ષેપોમાં બુધસ્વામીકૃત 'બુહત્કથાશ્લોક સંગ્રહ' (પાંચમો અથવા છઠ્ઠો સૈકો), ક્ષેમેન્દ્રકૃત 'બૃહત્કથામંજરી' (ઈ. ૧૦૩૭), સોમદેવ ભટ્ટકૃત 'કથાસરિત્સાગર' (આશરે ઈ. ૧૦૭૦) અને પ્રાકૃત રૂપાંતરમાં સંઘદાસગણિકૃત 'વસુદેવ-હિંડી' (લભગભગ પાંચમો સૈકો) પ્રાપ્ત થાય છે. આમાંથી 'વસુદેવ હિંડી' જૈન ધર્મના ધાર્મિક સાહિત્યમાં સ્થાન પામે છે. બાકીનાં ત્રણ સંસ્કૃત રૂપાંતરો, સંક્ષેપો મનોરંજક સાહિત્યમાં સ્થાન પામે છે.

ઉપર જણાવેલાં ચાર રૂપાંતરો – સંક્ષેપો ઉપરાંત વી. રાઘવન ભોજકૃત 'શૃંગારપ્રકાશ' પરના પોતાના મહાનિબંધમાં એક વધારાના સંસ્કૃત રૂપાંતરનો ઉલ્લેખ કરે છે. 'શૃંગારપ્રકાશ'માં ગુણાઢ્યકૃત 'બૃહત્કથા'ના પ્રાપ્ત થતા ઉલ્લેખોની ચર્ચા કરી રાજા દુર્વિનીતકૃત 'બૃહત્કથા' નાં સંસ્કૃત રૂપાંતર હોવાની સંભાવના રજૂ કરે છે. તેમના મતે આ રૂપાંતર ઈ.સ. ના છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતું. [૧૮]

'બૃહત્કથા'નાં વિવિધ રૂપાંતરો અને સંક્ષેપોના આધારે મૂળ કૃતિ કે ગ્રંથમાં શું હશે એનું અનુમાન જ કરવાનું રહે છે. વત્સરાજ ઉદયનના પુત્ર નરવાહનદત્તનાં અનેકવિધ પરિભ્રમણો-પરાક્રમો તથા અનેક

વિદ્યાધર અને માનવકન્યાઓ સાથે એના પાણિગ્રહણ વર્ણવવામાં આવ્યાં છે. અને કથાના આ મુખ્ય કલેવરમાં સેંકડો નાનાંમોટાં વાર્તાચક્રો અને આડકથાઓ આવે છે. 'પંચતંત્ર', 'સિંહાસનબત્રીસી', 'વેતાલપચીસી', 'મૃગ્ધકથાઓ' (અડવાની વાતો) ઇત્યાદિ 'બૃહત્કથા' પરંપરામાં સર્જાયેલી કૃતિઓ તેમાં મળે છે. એથી એમ કહી શકાય કે લોકવાર્તાઓના સમૂહને સમાવવા માટે કર્તાએ નરવાહનદત્તની મુખ્ય કથાનો ઉપયોગ કર્યો છે.

પ્રાચીન સમયના અનેક સાહિત્યકારોએ 'બુહત્કથા'નો આધાર લઈ સ્વતંત્ર કૃતિની રચના કરી છે. જેમ કે, નાટ્યકાર ભાસનું 'ચારુદત્ત', શૂદ્રકનું 'મૃચ્છકટિક', દન્ડીનું 'દશકુમારચરિત્ર', સોમદેવકૃત 'યશસ્તિલક', ધનપાલકૃત 'તિલકમંજરી', હર્ષરચિત 'રત્નાવલી' અને 'પ્રિયદર્શિકા' નાટકો, બાણકૃત 'કાદંબરી', ભવભૂતિકૃત 'માલતીમાધવ', તથા 'પંચતંત્રહિતોપદેશ', 'વેતાલપંચવિંશતિકા', 'વિક્રમચરિત્ર' ઇત્યાદિ કથા – ગ્રંથોનો આધાર આ 'બૃહત્કથા' જ છે. આ સિવાય પણ અનેક કથાઓ છે જેના કથાનકનું મૂળ 'બૃહત્કથા'માં છે.

પશુકથાઓનો સર્વોત્તમ સંગ્રહ 'પંચતંત્ર' એ પ્રાચીન ભારતીય કથાસાહિત્યનું અમૂલ્ય ધન છે. લગભગ ઈ.સ.ની બીજી સદી પછી એટલે કે ઈ. ૧૦૦ અને ઈ. ૫૦૦ વચ્ચે 'પંચતંત્ર'ની રચના થયાનું અનુમાન છે. એનો સર્જક અજ્ઞાત છે અને મૂળ ગ્રંથ લુપ્ત થયો છે. પણ 'પંચતંત્ર'ની વિભિન્ન પાઠ પરંપરાઓ ભારતમાં અસ્તિત્વ ધરાવે છે. 'પંચતંત્ર'ની પ્રાચીન સંસ્કૃત આઠ પાઠ પરંપરાઓ છે : 'પંચતંત્ર', 'હિતોપદેશ', 'કથાસરિત્સાગર' અંતર્ગત 'પંચતંત્ર', 'બૃહત્કથામંજરી' અંતર્ગત 'પંચતંત્ર', પશ્ચિમ ભારતીય 'પંચતંત્ર' અને પૂર્ણભદ્રનું 'પંચાખ્યાન'.

'પંચતંત્ર'ની રચના દુન્વયી ડહાપણ અને રાજનીતિના સિદ્ધાંતો શીખવવા માટે થઈ છે. મહિલારોપ્ય નગરના અમરશક્તિ રાજાના પુત્રોને વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ રાજનીતિશાસ્ત્રનું શિક્ષણ આપવા આ કથા સંભળાવે છે.

'પંચતંત્ર'માં પશુકથા વડે નૈતિકબોધ અપાયો છે. 'પંચતંત્ર'ના અનુવાદક ભોગીલાલ સાંડેસરા ઉપોદ્‌ઘાતમાં નોંધે છે. તેમ : 'કિશોર રાજકુમારો કે ક્ષત્રિય કુમારો ને રાજનીતિશાસ્ત્રનું શિક્ષણ આપવાનો તેમનો ઉદ્દેશ હોવાને કારણે એ ઉપદેશને સરલ અને હૃદ્ય બનાવવા માટે તેમાં નીતિકથાઓનું (Fables) આલંબન સ્વીકારવામાં આવ્યું છે.'[૧૯] 'પંચતંત્ર'માં પ્રાણીઓ કથાનાં પાત્રો છે. પ્રાણીઓ પર માનવ સ્વભાવનું આરોપણ કરી માનવસ્વભાવની ગરિમા અને હીનતા દર્શાવવાનો આશય છે. સાથે–સાથે રાજનીતિશાસ્ત્રના પાઠ પણ એ કથાઓ દ્વારા અપાયેલા છે.

આમ, 'પંચતંત્ર' માત્ર મનોરંજક પશુકથાઓનો સંગ્રહ ન બની રહેતાં બોધાત્મક કથાઓનો સંગ્રહ પણ બને છે. એ ઉપરાંત ટુચકા, વ્યવહારુ અને બૌદ્ધિક ચાતુર્યને પ્રગટ કરતાં દૃષ્ટાંતો, કામકથા,

સાહસકથા ઇત્યાદિ સંગ્રહ પામ્યાં છે.

'પંચતંત્ર' શીર્ષકમાં જેમ સૂચિત છે તેમ એમાં પાંચ તંત્રો છે. મિત્રભેદ, મિત્રસંપ્રાપ્તિ, કાકોલૂકીય, લબ્ધપ્રણાશ અને અપરીક્ષિતકારક – આ પાંચે તંત્રો એકસૂત્રે ગૂંથાયા છે. એમાં પ્રત્યેક તંત્રમાં એક મુખ્ય કથા આવે છે અને તેની અંદર પ્રસ્તુત કથાના વિષયને પોષક અનેક આડકથાઓ આવે છે. 'બૃહત્કથા'ની પરંપરામાં પણ મુખ્ય કથામાં અનેક આડકથાનું ચક્ર ચાલતું જોવા મળે છે. પ્રાચીન મનોરંજક કથાગ્રંથોમાં આ પ્રકારની વસ્તુસંરચના પદ્ધતિ પ્રચલિત હતી.

આમ, લોકરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં 'બૃહત્કથા'નાં વિવિધ રૂપાંતરો – સંક્ષેપો અને 'પંચતંત્ર'ની વિવિધ પાઠપરંપરાઓ અનુગામી કથાસાહિત્ય માટે મહત્ત્વની રહી છે. ધાર્મિક પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાંથી વૈદિક અને જૈન ધાર્મિક પરંપરાના કથાસાહિત્યની જેમ મનોરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં વૈદિક મનોરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્યનો સમૃદ્ધ વારસો મધ્યકાલીન કથાસાહિત્યને પ્રાપ્ત થયો છે.

પ્રાચીન ભારતીય કથાસાહિત્યની કથનરીતિ

ઉપરોકત કરેલી ચર્ચામાંથી કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. 'બૃહત્કથા'માં 'પંચતંત્ર' હોવાની વાત કરી પણ મૂળ 'બૃહત્કથા' કાર અને 'પંચતંત્ર'કાર લગભગ એક જ સમયે થયેલા છે. વળી, એકની આખીને આખી રચના બીજો પોતાના ગ્રન્થમાં સમાવિષ્ટ કરી લે એમ બનવું અસંભવિત છે. આ વાતને એથી પણ વધારે વિસ્તારીને સમજવા પ્રયત્ન કરીએ.

આપણે પ્રયોજનને અનુસરી પ્રાચીન ભારતીય કથાસાહિત્યને બે પ્રકારમાં વિભાજિત કર્યું : (૧) ધાર્મિક અને (૨) મનોરંજક. આ બન્ને પ્રકારનાં કથાસાહિત્યમાં કેટલીક સમાન કથાઓ મળે છે. વૈદિક, બૌદ્ધ અને જૈન-એ ત્રણે પરંપરામાં પણ કેટલીક કથા સમાન સ્વરૂપે મળી આવે છે. એટલું જ નહીં પણ આમાંથી કેટલીક કથાઓ તો કોઈ પણ ધાર્મિક સંદર્ભ કે રંગ સિવાય પણ લોકમાં પ્રચલિત જોવા મળે છે. અહીં અગાઉ કરેલી વાતને પુનઃ પુષ્ટિ મળી રહે છે કે લોકસમુદાયમાં પ્રચલિત લોકકથા જ સાહિત્યિક પરંપરાનાં મૂળમાં રહેલી છે. પણ સાથે–સાથે પ્રાચીન ભારતીય કથાસાહિત્યની વિશિષ્ટ કથનપદ્ધતિ ઉપર પણ પ્રકાશ પડે છે. આ વાતને સમજવા દૃષ્ટાંત લઈએ.

પ્રાચીન કથાસાહિત્યમાં રાજા શિબિનું કથાનક ઘણું પ્રચલિત છે. આ કથાનક જુદી–જુદી પરંપરા અને જુદા–જુદા કથાગ્રંથોમાં સ્થાન પામ્યું છે. વૈદિક પરંપરામાં 'મહાભારત'ના 'વનપર્વ', અધ્યાય ૧૩૦ – ૧૩૧ માં કપોતને બચાવવા માટે પોતાનું માંસ કાઢી આપનાર શિબિની કથા છે. 'પંચતંત્ર'ની એક પાઠપરંપરા 'તંત્રાખ્યાયિકા'માં પણ 'શિવિ અને કપોત'ની વાર્તા પ્રાપ્ત થાય છે. બૌદ્ધ પરંપરામાં કેટલાંક

ફેરફાર સાથે આ જ કથા 'જાતકકથા' માં જાતક ક્રમાંક ૪૯૯ 'સિવિ જાતક' નામે પ્રાપ્ત થાય છે. જૈન પરંપરામાં પણ આ કથા મળે છે. 'વસુદેવ–હિંડી' માં આ કથા મળે છે. વિક્રમના તેરમાં સૈકામાં ગુજરાતમાં થયેલા જૈન કવિ બાલચંદ્રે આ કથાના નાયક વજ્રાયુધનું ચરિત્ર વર્ણવતું 'કરુણા વજ્રાયુધ' નામે સંસ્કૃત નાટક આ કથાનક લઈ રચેલું છે.

અહીં જોઈ શકાશે કે એક જ કથાનક 'મહાભારત', 'પંચતંત્ર', 'જાતકકથા', 'વસુદેવહિંડી' ઇત્યાદિમાં થોડા ફેરફાર સાથે સ્થાન પામ્યું છે. હસુ યાજ્ઞિકે અન્ય સંદર્ભે એમનો દર્શાવેલો મત અહીં પણ એટલો જ યથાર્થ છે : '...જ્યારે કોઈ એક વિશિષ્ટ વિચારસરણી અને જીવનભાવનાથી વિષયવસ્તુની પસંદગી અને નિરૂપણ થતાં હોય છે ત્યારે એના સમગ્ર સંપાદનરાશિમાં સ્વકીય ગણી શકાય એવી લાક્ષણિકતા સ્વયમેવ પ્રગટે છે.'[૨૦] એવું ઉપરોક્ત રાજા શિબિના કથાનક સંદર્ભે પણ બન્યું છે.

એક જ કથાનક જુદી–જુદી પરંપરા કે જુદા–જુદા કથાગ્રંથોમાં સરળતાથી સમાવેશ પામે છે એમાં પ્રાચીન ભારતીય કથાસાહિત્યની વિશિષ્ટ કથનરીતિ કારણરૂપ રહેલી છે. કનુભાઈ શેઠનું નિરિક્ષણ આ સંદર્ભે મહત્ત્વનું છે : 'કથાત્મક રચનાનું લોક–પ્રચલિત અને સામાન્ય સ્વરૂપ તો ક્ષેપકતા (Intercalation)નું જ રહ્યું છે. સામાન્ય રીતે એકાદ પીઠિકાકથા (Frame story) સાથે અન્ય અનેક સ્વતંત્ર કથાઓને સાંકળી લઈને તેને એક કથાગ્રંથનું સ્વરૂપ આપવામાં આવે છે. વળી આવી, આવા કથા–ગ્રંથની અંતર્ગત આવેલ કથા પણ અન્ય સ્વતંત્ર કથા–ગ્રંથની પીઠિકાકથા તરીકે ચાલી શકે છે. એટલે ભારતના કોઈ પણ કથાત્મક સાહિત્યમાં કથા, વાર્તા, પ્રાણીકથાઓ એક સાથે જોઈ શકીએ છીએ. વળી કેટલીક વાર તો કથામાં સળંગ માનવપાત્રના વ્યવહારનું નિરૂપણ ચાલતું હોય છે, તેમાં એકાએક વચ્ચે અદ્ભુત અને રોમાંચક એવી જાદુમંતર, રાક્ષસ, પિશાચ, યક્ષ જેવા આધિ–ભૌતિક પાત્રોની કથાઓ જેમાં પ્રાણીઓ માનવ જેવો વ્યવહાર કરતાં હોય એવી પ્રાણીકથા (Animaltale) પણ ટપકી પડે છે.' [૨૧] આગળ જોઈ ગયા તેમ પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં મુખ્ય કથાની અંદર આડકથાઓ ગોઠવીને વસ્તુયોજનાની પદ્ધતિ પ્રચલિત હતી. મહાભારત અંતર્ગત આવતાં અનેક ઉપાખ્યાનો, 'કથા–સરિત્સાગર', 'પંચતંત્ર' ઇત્યાદિ ગ્રંથોમાં મૂળકથાને પોષક ને રોચક બનાવતી અનેક આડકથાઓ, 'જાતકકથા'માં નિશ્ચિત રચનાબંધમાં રચાયેલી અનેક જાતકકથાઓ ઇત્યાદિમાં વિવિધ કથાઓને મૂકવાની, સમાવવાની પરંપરા જોવા મળે છે.

આ ચર્ચાના અંતે એમ કહી શકાય કે લોકહૃદયમાં સ્થાન પામનાર અને લોકમુખે વહેતા સાહિત્ય – Floating literature નો વિવિધ પ્રયોજનસહ વિભિન્ન પરંપરા અને ગ્રંથોમાં સમાવેશ થયો અને એમાં પ્રાચીન ભારતીય કથાસાહિત્યની ક્ષેપકતા – Intercalation–ની કથનરીતિએ સરળતા કરી આપી.

દેશ–વિદેશનાં કથાસાહિત્યમાં જોવા મળતાં સામ્ય પાછળ રહેલાં કારણો

દેશ–વિદેશના પ્રાપ્ત થતાં પ્રાચીન કથાસાહિત્યમાં ઘણી–ખરી સમાનતા જોવા મળે છે. યુરોપ, એશિયા, આફ્રિકા ઇત્યાદિ સ્થાનોથી મળતી લોકકથાઓનો તુલનાત્મક અને ઐતિહાસિક અભ્યાસ કરી અનેક વિદ્વાનોએ વિવિધ પુરાકથા (Myth), કથાઘટકો અને કથાપ્રકૃતિમાં રહેલું સામ્ય બતાવી આપ્યું છે. અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય કે જગતનાં જુદા–જુદા દેશોમાં જે – તે કથા પાંગરેલી હોવા છતાં આવું કેમ કરીને બને? અહીં બે શક્યતા રહી છે –

(૧) સામૂહિક અવચેતનના કારણે,

(૨) એક દેશની કથાઓ કોઈક પ્રકારે અન્ય દેશમાં પ્રસરી હોય અને ત્યાં નવા પરિવેશમાં, નવા વાઘા સજી એનો કાયાકલ્પ થયો હોય.

ફ્રૉઇડે મનુષ્યનાં ચેતન માનસ સાથે અચેતન માનસનો પણ સ્વીકાર કર્યો. ચેતન માનસ વિવિધ પ્રવૃત્તિ કે કાર્ય કરે છે, જ્યારે અવચેતન માનસ મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વને પ્રેરિત કરે છે, એનું નિર્માણ કરે છે. અવચેતન માનસ કોઈ પણ સ્થળ–કાળની સીમામાં મર્યાદિત હોતુ નથી. માટે જ આદિ મનુષ્ય અને આજના મનુષ્યમાં કેટલીક બાબતે સામ્ય છે, અને એક દેશ કે પ્રદેશના મનુષ્યમાં અન્ય દેશ કે પ્રદેશના મનુષ્યમાં કેટલીક બાબતે સમાનતા હોય છે. આ સમૂહનું મનોવિજ્ઞાન છે. –'સામૂહિક માનસ' છે. આદિ માનવે સમાન ભૂમિકાએ જે ચેતના અનુભવી એમાંથી સૃષ્ટિનાં સર્જન અને વિસર્જન અંગે વિવિધ પ્રાકૃતિક તત્ત્વો અને ઘટનાઓ અંગે લોકકથા સર્જન પામી. આ સમગ્ર દૃષ્ટિએ જોતા જગતના દેશ–પ્રદેશમાં પ્રચલિત કેટલીક પુરાકથા–Myth, કથાઘટક કે કથાપ્રકૃતિઓમાં રહેલી સમાનતાનું રહસ્ય પમાશે.

આ પ્રથમ શક્યતા અંગે વિચારવાનું કાર્ય મનોવિજ્ઞાન કે નૃવંશશાસ્ત્રનું છે. અહીં જે બીજી શક્યતા છે એ અંગે પ્રાચીન કથાસાહિત્યનાં અનેક સંશોધકો કે અભ્યાસીઓએ વિચારણા કરી છે. દેલાંગશાંપ, મેક્સમૂલર, થિઓડોર બેન્ફી, કોસ્કા, વિન્ટરનિન્ઝ ઇત્યાદિ વિદ્વાનોએ દેશ–પ્રરદેશની કથામાં જોવા મળતી સમાનતા અને સ્થળાન્તર સંબંધે વિચારણા કરી છે. પ્રાચીન ભારતીય કથાઓ ક્યારે, કેવી રીતે, ક્યાં માર્ગે ભારત બહાર પહોંચી એ અંગે ઘણું ઝીણવટભર્યું કામ થયું છે.

એક દેશની કથાઓ કોઈક પ્રકારે અન્ય દેશમાં પ્રસરવા પાછળ અનેક કારણો અને પરિબળો ભાગ ભજવતાં હોય છે. યુરોપના પ્રદેશોમાંથી મળતી કેટલીક કથાઓ ભારતની કથાઓ સાથે સામ્ય ધરાવે છે. અહીં કોઈ એક દેશને એનું ઉત્પત્તિસ્થાન ગણાવવાં કરતાં ભારત – યુરોપીય (Indo-European) કાળનો એ કથાઓ સહિયારો, સર્વસામાન્ય વારસો હોવાની શકયતાને નકારી શકાય નહીં. કારણકે આર્યપ્રજા પહેલેથી જ યુરોપ અને એશિયાના દેશોમાં વિસ્તરી નહોતી, પણ કોઈ એક જ સ્થાને અવિભક્ત રહેતી હતી જે પાછળથી જુદાં–જુદાં જૂથોમાં, જુદા–જુદા સમયે, જુદા–જુદા પ્રદેશોમાં વિભક્ત થઈ. આ

ઉપરાંત કથાસાહિત્યનું વહન સાહસિક વેપારીઓ, યાત્રાળુઓ, ધર્મપ્રવર્તકો, વિજયેચ્છુ વીર પુરુષો, પ્રવાસીઓ વગેરે દ્વારા મુખ પરંપરા, અનુવાદ કે રૂપાંતર દ્વારા થયેલું જોવા મળે છે. આમ, દેશવિદેશનાં કથાસાહિત્યમાં જોવા મળતાં સામ્ય પાછળ અનેક પરિબળો કારણભૂત હોઈ શકે છે.

પ્રાચીન ભારતીય કથાસાહિત્યનું અન્ય દેશોમાં સંચરણ

દેશ–વિદેશના કથાસાહિત્યમાં જોવા મળતાં સામ્ય અંગે જે બીજી શકયતાની વાત કરી, એ દ્વારા પ્રાચીન ભારતીય કથાસાહિત્યનું અન્ય દેશોમાં વિશેષ સંચરણ થયું છે. ભારતીય ધર્મ, સંસ્કૃતિ અને સાહિત્યનો પ્રચાર–પ્રસાર જગતનાં વિવિધ દેશોમાં છેક પ્રાચીનકાળથી થતો આવ્યો છે. પરિણામે એશિયા, યુરોપ, આફ્રિકા ઇત્યાદિ સ્થાનોમાંથી મૂળ ભારતની જ અનેક કથા–વાર્તાઓ સાંપડે છે. આ કથાઓ જળમાર્ગે, સ્થળમાર્ગે અન્ય દેશોમાં પહોંચી છે. આગળ જણાવ્યું તેમ વેપારીઓ, યાત્રાળુઓ, ધર્મપ્રવર્તકો, વિજયેચ્છુ વીર પુરુષો, પ્રવાસીઓ ઇત્યાદિ દ્વારા એ મુખ પરંપરા, અનુવાદ કે રૂપાંતર દ્વારા અન્ય દેશોમાં પ્રસાર–પ્રચાર પામ્યું. એ પ્રમાણે માત્ર સ્વતંત્ર કથાઓ જ નહીં, પણ કેટલાક કથાગ્રંથો પણ ભારત બહારના દેશોમાં પ્રસારિત – પ્રચારિત થયા. પરીણામે 'જાતકકથા', 'પંચતંત્ર', 'બૃહત્કથા' ('બૃહત્કથાશ્લોકસંગ્રહ', 'બૃહત્કથામંજરી', 'કથાસરિત્સાગર', 'વસુદેવહિંડી'), 'વેતાલપંચવિંશતિ', 'શુકસપ્તતિ' – ઇત્યાદિ જેવા અનેક ગ્રંથોમાં પ્રાપ્ત થતી કથાઓ સાથે સમાનતા ધરાવતી કથાઓ એશિયા, યુરોપ, આફ્રિકાના દેશોમાંથી પ્રાપ્ત થાય છે.

પ્રાચીન ભારતીય કથાસાહિત્યના અન્ય દેશોમાં થયેલા સંચરણઅંગે એક ઝડપી દૃષ્ટિપાત કરી લઈએ :

ભારત અને ભારત બહારના દેશો ઉપર જાતક કથા'નો ઘેરો પ્રભાવ પડેલો જોવા મળે છે. ભારતમાં જ 'પંચતંત્ર', 'મહાભારત', 'રામાયણ', 'વૈદિક સાહિત્ય', 'બૃહત્કથા' નાં વિવિધ રૂપાંતરો, 'વેતાલપંચવિંશતિ', 'શુકસપ્તતિ' ઇત્યાદિ કથાગ્રંથો ઉપર એનો પ્રભાવ હોવાનું મનાય છે. એમાં પ્રાપ્ત થતી અનેક કથાઓ મૂળ જાતકકથામાંથી નિર્દેશી શકાય તેમ છે.[૨૨]

ભારત બહારના દેશો વિશે વિચારીએ તો દક્ષિણપૂર્વ અશિયાના વિવિધ દેશો – લંકા, બર્મા, સિયામ, જાવા, સુમાત્રા, હિન્દી–ચીન ઇત્યાદિનાં શિલ્પ –સ્થાપત્યમાં જાતકકથાના કેટલાક કથા–ખંડો અને અમુક દશ્યો અંકિત થયેલાં મળી આવે છે.[૨૩] એ દેશોમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મ પ્રચલિત થયાં[૨૪] હોવાના પુરાવા મળી રહે છે. હિન્દુકુશ અને હિમાલયને પાર કરી 'જાતકકથા' ત્યાંના પ્રદેશમાં પહેલવી–ફારસી ભાષાના માધ્યમ દ્વારા આરબો પાસે પહોંચી. અરબી લોકકથાસંગ્રહ 'અલિફલૈલા' (Arabian knights) અને 'સિન્દબાદ'ની કથાઓની કેટલીક કથાઓનું સામ્ય આજ કારણે જાતકકથાઓ સાથે હોવાનું અનુમાન

થયું છે. 'અરેબિયન નાઈટ્સ'ની કથાઓ વ્યાપકપણે મધ્યકાળના યુરોપના કથાસાહિત્યમાં પ્રવેશપ્રચાર પામી છે. આ ઉપરાંત ગ્રીસ, સ્પેન, ઈટાલી ઇત્યાદિ યુરોપીય દેશોમાં જાતકકથા પ્રસાર પામી છે. યુરોપના ખ્રિસ્ત ધર્મકથા સાહિત્ય પર પણ જાતકકથાનો પ્રભાવ પડેલો જોવા મળે છે. ખ્રિસ્ત ધર્મકથા સંગ્રહ 'લર્લામ અને જોસફત' (Barlaam and Josaphat) પર જાતકકથાની અસર પરોક્ષરૂપે જોઈ શકાય છે. 'જાતકકથા' અંતર્ગત આવતી 'ભગવાન બુદ્ધ'ની જીવનકથાની તથા અન્ય કથાઓની અસર સ્પષ્ટપણે જોઈ શકાય છે.[૨૫]

ભારતીય કથાસાહિત્યને વિશ્વસાહિત્યમાં વિસ્તારવાનું કાર્ય 'પંચતંત્ર'ની વિવિધ પાઠપરંપરાઓ, રૂપાન્તરો, અનુવાદો અને સંક્ષેપોએ કર્યું છે. ઈરાનના રાજા ખુશરૂ નૌશીરવા (ઈ. ૫૩૧-૫૭૯)ની સૂચનાથી તેની સભાનો એક વિદ્વાન વૈદ્ય બુર્ઝોએ ઈ. ૫૫૦માં સંસ્કૃતમાંથી પહેલવી ભાષામાં 'પંચતંત્ર'નું 'કરટક અને દમનક' નામે રૂપાન્તર કર્યું. સમય જતાં એ અનુવાદ લુપ્ત થયો. પણ ઈ. ૫૭૦ ના અરસામાં બુદ નામના વિદ્વાન દ્વારા પહેલવી કૃતિનો પ્રાચીન સીરિયાની ભાષામાં અનુવાદ થયો એ પ્રાપ્ત થાય છે. ઈ. ૭૫૦માં ઈબ્નુલ મુક્કફાએ 'કલીલહ્ વ દિમ્નહ્' એ નામથી પહેલવીનો અરબી અનુવાદ કર્યો. અનુવાદકે મૂળ પહેલવી ગ્રંથમાં પ્રાપ્ત કથાઓ ઉપરાંત અન્ય કેટલીક વાર્તાઓ પણ ઉમેરી છે. એ લોકપ્રિય કથાગ્રંથ ઉપરથી વિવિધ અનુવાદ, રૂપાન્તર થયાં છે. 'પંચતંત્ર'ની પાઠપરંપરામાં 'હિતોપદેશ'નો સમાવેશ થાય છે.નારાયણ ભટ્ટકૃત 'હિતોપદેશ' પરથી ફારસી 'તુતીનામેહ' તથા 'સિંદબાદ'ના કથાસંગ્રહની કેટલીક કથાઓ સ્થાન પામેલી જોવા મળે છે. ગ્રીકમાં પ્રચલિત ઈસમ કથા (Aesop's Fables) ઓનું મૂળ ભારતનાં 'પંચતંત્ર' અને 'જાતકકથા'માંની ઘણી નીતિકથાઓમાં સંગ્રહીત છે. ઈસપકથાઓ માત્ર ગ્રીકમાં જ નહીં પણ સમગ્ર યુરોપમાં પ્રસિદ્ધિ પામી છે.[૨૬]

'બૃહત્કથા'નાં રૂપાંતરો કે સંક્ષેપો 'વસુદેવહિંડી', 'બૃહત્કથાશ્લોક સંગ્રહ', 'બૃહત્કથામંજરી', 'કથાસરિત્સાગર'માં આવતી ઘણી કથાઓ 'અરેબિયન નાઈટ્સ' અને 'સિંદબાદ'ની કથાઓમાં સ્થાન પામી છે.[૨૭] 'વેતાલપંચવિંશતિ'ની કથાઓનાં પણ વિવિધ ભાષામાં અનેક રૂપાંતરો મળે છે. એમાં અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ, અરબી – ફારસી, મોંગોલિયન ઇત્યાદિ ભાષામાં રચાયેલી કથાઓ દષ્ટાંતરૂપ છે.[૨૮]

ઉપર જોયું તેમ વિશ્વના વિવિધ દેશોમાં પ્રાચીન ભારતીય કથાસાહિત્ય પહોચ્યું અને ત્યાં પ્રચલિત બન્યું. કથાસાહિત્યની આ યાત્રા દરમ્યાન સાહજિક રીતે મૂળ કથાના બાહ્ય સંનિવેશમાં ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભ અનુસાર અનેક પરિવર્તન, પ્રક્ષેપ, ક્ષય ઇત્યાદિ થયાં. કાયાકલ્પની પ્રક્રિયામાંથી પસાર થઈ એ કથાસાહિત્યે નવીનરૂપ ધારણ કર્યું. આમ, બન્યું હોવા છતાં મૂળ કલેવર બદલાઈ ગયાં નથી. માટે જ તો અન્ય દેશોમાં પ્રાપ્ત થતી કથા, કથાઘટક કે કથાપ્રકૃતિને નિર્દેશી શકીએ છીએ.

આનો અર્થ એ નથી કે અન્ય દેશો પાસે પોતીકું કહી શકાય તેવું કથાસાહિત્ય નહોતું. ભારત

ઉપરાંત બીજા દેશોમાં પણ લોકકથાઓના મૂળ અને પ્રસરણનાં અનેક મોટાં કેન્દ્રો હતાં જ, પણ ભારતમાં જે પ્રકારે કથાસાહિત્યને સાંસ્કૃતિક સંદર્ભ મળ્યો, જે પ્રકારે એનું સંવર્ધન થયું અને એનો સંચય થયો એ પ્રકારનો સંદર્ભ, સંવર્ધન કે સંચય અન્ય દેશોનાં કથાસાહિત્યને બહુ ઓછા મળ્યાં છે.

પ્રાચીન ભારતીય કથાસાહિત્યનો અનુગામી કથાસાહિત્યને મળેલો વારસો

પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં 'જાતકકથા', 'પંચતંત્ર', 'બૃહત્કથા' (એનાં વિવિધ રૂપાંતરો કે સંક્ષપો) ઇત્યાદિ અનેક કથાગુચ્છો કે કથાસગ્રંહો જોવા મળે છે. એ યથાતથ સ્વરૂપે અનુગામી સાહિત્યમાં જોવા મળતાં નથી. ઈ.સ.ની પાંચમી સદીથી પંદરમી સદી સુધીમાં મૂળ ધર્મગ્રંથો કે લોકરંજક ગ્રંથોમાં બીજરૂપ રહેલાં કથાનકોની સ્વતંત્ર રચનાઓ પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર એકમરૂપ રચનાઓમાં જોઈએ તો સંસ્કૃતમાં 'વાસવદત્તા', 'તરંવગતી', 'કાદંબરી' ઇત્યાદિ પ્રાપ્ત થાય છે. તો બીજી બાજુ અનેક કથાઓનાં બનેલાં કેટલાંક વાર્તાચક્રો પણ પ્રાપ્ત થાય છે. જેમ કે, સંસ્કૃતમાં 'વેતાલપંચવિંશતિકા', 'સિંહાસનદ્વાત્રિંશિકા', 'શુકસપ્તતિ' ઇત્યાદિ. આ વારસો સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, અપભ્રંશ અને મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યને પણ પ્રાપ્ત થયો છે.

ધાર્મિક અને લોકરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્યનો વારસો પણ ઉત્તરકાલીન કથાપરંપરામાં જળવાયેલો છે. લોકપ્રચલિત કથાવાર્તાઓનો બોધાત્મક કે મનોરંજક દૃષ્ટાંત લેખે વિનિયોગ કરવાની વૃત્તિ ઉત્તરકાલીન સર્જકોની પણ જોવા મળે છે. વૈદિક સાહિત્ય ઋગ્વેદથી એટલે કે લગભગ ઈ.પૂ. ૧૬૦૦-૧૫૦૦ થી આરંભી ૧૯મી સદીના અંત સુધી, જૈન સાહિત્ય લગભગ ઈ.સ.ની પહેલી સદીથી આરંભી ૧૯મી સદીના અંત સુધી ઠીક-ઠીક પ્રમાણમાં રચાતું આવ્યું છે. બૌદ્ધ સાહિત્ય તો કાળક્રમે ભારતમાંથી અન્ય દેશોમાં એ ધર્મની સાથે જ ગમન કરી ગયું. આથી મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યને વૈદિક અને જૈન-ધાર્મિક પરંપરાના પ્રાચીન કથાસાહિત્યનો સમૃદ્ધ વારસો પ્રાપ્ત થયેલો છે. જો કે, બૌદ્ધ સાહિત્યમાં પ્રાપ્ત થતી કેટલીક કથાઓ અન્ય સાહિત્ય પરંપરામાં રૂપાંતર પામી જળવાયેલી જોવા મળે છે જ. વૈદિક કથા સાહિત્ય મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં મુખ્યત્વે આખ્યાન સ્વરૂપે અને જૈન કથાસાહિત્ય મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં કથાકોશ, ચરિત, પ્રબંધ, રાસા સ્વરૂપે પ્રાપ્ત થાય છે. લોકરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં શુદ્ધ મનોરંજક સાહિત્ય માત્ર વૈદિક પરંપરામાં મળતું હતું. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશમાં ધાર્મિકકથા નિમિત્તે અનેક મનોરંજકકથાકૃતિઓ કે શુદ્ધ મનોરંજક કથાકૃતિઓ પ્રાપ્ત થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'પદ્યવાર્તા' જેવા સ્વરૂપમાં વૈદિક પરંપરા અને જૈન પરંપરા (જૈનેતર અને જૈન) સર્જકોએ સર્જન કર્યું છે જેમાંનું ઘણુંખરું શુદ્ધ મનોરંજક કથાસાહિત્ય છે.

ધાર્મિક પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં ધર્મસિદ્ધાંતની સ્થાપના ઉપરાંત નીતિમય બોધ-ઉપદેશ પણ

જોવા મળે છે. લોકરંજક પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં મુખ્યત્વે મનોરંજનનો ઉદ્દેશ હોવા છતાં ક્યારેક એમાં નીતિબોધ ધ્વનિત થતો જોવા મળે છે. એ જ પ્રમાણે ઉત્તરકાલીન કથાસાહિત્યમાં પણ બન્યું છે.

વૈદિક, જૈન, બૌદ્ધનાં ધાર્મિક પ્રાચીન કથા સાહિત્યમાં પુરાકથા, ધર્મકથા, વ્રતકથા, બોધકથા, નીતિકથા, દંતકથા, દૃષ્ટાંતકથા, પરિકથા ઇત્યાદિ કથાસ્વરૂપો પ્રાપ્ત થતાં. લોકરંજક પ્રાચીન કથા સાહિત્યમાં પરિકથા, સાહસ–શૌર્યકથા, પ્રેમકથા, લોકકથા ઇત્યાદિ કથાસ્વરૂપો પ્રાપ્ત થતાં. આ બધાં જ કથાસ્વરૂપો ઉત્તરકાલીન કથાસાહિત્યમાં જોવા મળે છે.

'રામાયણ' અને 'મહાભારત'માં પ્રયોજાયેલા અંગો અને યોજના પાછળથી રચાયેલાં મહાકાવ્યોના સર્જનમાં આદર્શરૂપ રહ્યાં છે. મહાકાવ્યોના આધારે અપભ્રંશમાં ચરિતકાવ્યો અને મધ્યકાલીન ગુજરાતીમાં કથાપ્રધાન સ્વરૂપોએ એનો વારસો જાળવ્યો છે. કાવ્યના આરંભે મંગલાચરણ, કથાવસ્તુની માંગણી, એનું નિર્વહણ, પાત્રચિત્રણ, વર્ણન, કાવ્યનાં અંતે આવતી ફલશ્રુતિ ઇત્યાદિ મહાકાવ્યોનાં વિશિષ્ટ લક્ષણો ઉત્તરકાલીન કથનાત્મક પરંપરામાં જળવાયેલાં છે.

પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં પદ્ય અને ગદ્યનો સ્વતંત્ર ઉપયોગ, પદ્ય–ગદ્યનો મિશ્રિત ઉપયોગ કરાયેલો જોવા મળે છે. પ્રાચીનતમ કથાનકો કે જે 'ઋગ્વેદમાં સંવાદસૂક્તો અને કથાસૂક્તોમાં મળે છે એ પદ્યમાં છે. પણ આગળ ચર્ચા કરી તેમ એ કથાનકોનું મૂળ સ્વરૂપ પદ્ય–ગદ્યનાં મિશ્રણરૂપ હોવાનું અનુમાન છે. 'જાતકકથા' ઇત્યાદિમાં કથા ગદ્યમાં જ મળે છે, પણ એનો ઉપદેશ કે નિષ્કર્ષ તારવવા પદ્યનો ઉપયોગ થયેલો મળે છે. 'પંચતંત્ર'માં કથા, આડકથામાં નિહિત બોધને સૂત્રાત્મક સ્વરૂપે રજૂ કરવા અને સાથે–સાથે કથાના પ્રવક્તા પણ પોતાની વાતના સમર્થનમાં અનેક સુભાષિતો મૂકે છે. આ બધાંમાં પદ્ય–ગદ્યનો મિશ્રપ્રયોગ થયેલો કહી શકાય. વળી, પ્રાચીન કથાસાહિત્યમાં કથાવસ્તુનો આછો આધાર લઈ કાવ્યત્વ પ્રગટાવતાં મહાકાવ્યોમાં પદ્યનો સ્વતંત્ર ઉપયોગ અને બીજી બાજુ જૈન કથા પરંપરાના મોટા ભાગનાં સાહિત્યમાં ગદ્યનો સ્વતંત્ર ઉપયોગ થયેલો જોવા મળે છે. આ પ્રકારે પદ્ય અને ગદ્યનો સ્વતંત્ર ઉપયોગ અને પદ્ય–ગદ્યનો મિશ્રિત ઉપયોગ અનુગામી કથાસાહિત્યને પ્રાપ્ત થયેલો વારસો છે. મધ્યકાલીન ગુજરાતીમાં પ્રબંધ, રાસ, આખ્યાન, પદ્યવાર્તા ઇત્યાદિ જેવા કથાત્મક પદ્યસ્વરૂપો; ગદ્યકથા, બાલાવબોધ ઇત્યાદિ જેવા કથાત્મક ગદ્યસ્વરૂપો જોવા મળે છે. પદ્ય–ગદ્યનાં મિશ્રણરૂપ બોલીબદ્ધ રચનાઓ અને કેટલાંક બાલાવબોધો પણ મળે છે.

પ્રાચીન ભારતીય કથાસાહિત્યમાં મુખ્યકથાની અંદર આડકથાઓ ગોઠવીને વસ્તુ યોજનાની પદ્ધતિ પ્રચલિત હતી. એવુ અનુગામી કથાસાહિત્યમાં પણ જોવા મળે છે. આગળ જોયું તેમ અનેક વાર્તાચક્રો, કથાગુચ્છો પ્રાપ્ત થાય છે. ઉપરાંત અનેક સ્વતંત્ર કથાઓમાં પણ આડકથા ગોઠવી વસ્તુયોજના કરેલી જોવા મળે છે. એ આડકથાઓ મૂળ કથાને પોષક અને રોચક બનાવતી અને ક્યારેક એથી વિરુદ્ધ

પરિણામો ઉપજાવતી પણ જોવા મળે છે.

આમ, પ્રાચીન ભારતીય કથાસાહિત્યનો અનુગામી કથાસાહિત્યને કથાવસ્તુ, કથનપદ્ધતિ, કથાસ્વરૂપ, સાહિત્ય સ્વરૂ, રચનાબંધ, ઉદ્દેશ, વસ્તુયોજના ઇત્યાદિનો વારસો પ્રાપ્ત થયેલો છે. ઉત્તરકાલીન કથાસાહિત્ય મોટાભાગે પ્રાચીન ભારતીય કથાસાહિત્યનાં પ્રભાવ હેઠળ સર્જાયલું જોવા મળે છે.

પ્રાચીન ભારતીય કથાસાહિત્યને નીચે પ્રમાણે એક રૂપક દ્વારા વર્ણવી શકાય :

પ્રાચીન ભારતીય કથાસાહિત્ય એક વટવૃક્ષ છે. એનાં બીજ જમીનમાં ક્યારે આરોપાયા, કોને આરોપ્યાં એ પ્રશ્ન મહત્ત્વનો નથી. અહીં તો એ વાત મહત્ત્વની છે કે એ બીજમાંથી છોડ અને છોડમાંથી વૃક્ષ બન્યું. એ માટેની યોગ્ય આબોહવા, યોગ્ય માવજત એને સમયે-સમયે મળતાં રહ્યાં છે. એ વટવૃક્ષ અનેક કૂંપળો, પર્ણો, શાખાઓ, વડવાઈઓથી પલ્લવિત બન્યું છે. એનાં જમીનમાં જેટલાં મૂળ છે એટલાં જ બહાર પણ છે. એની વડવાઈઓમાંથી આસપાસ બીજા અનેક વટવૃક્ષોનું ઉદ્યાન રચાયું છે.

સંદર્ભનોંધ :

૧. 'હિંદુ વેદધર્મ' (૧૯૬૦), પૃ. ૮.

૨. જુઓ : 'અનુસ્મૃતિ', ભોગીલાલ જ. સાંડેસરા (૧૯૭૩), પૃ. ૧૦૮ થી ૧૧૫.

૩. જુઓ : `A History of Indian Literature', Maurice Winternitz; Vol. I; Translated from the Original German by:- Mrs. S. Ketkar and Revised by the author; (1972,) `The Age of the Veda', P. 290 to 310.

૪. જુઓ : એ જ,

`We shall probably have to date the beginning of this development about 2000 or 2500 B.C. and the end of it between 760 and 500 B.C. The more prudent course, however, is to steer clear of any fixed dates, and to guard against the extremes of a stupendously ancient period or a Indicrously ancient period or a Indicrously modern epoch.'P.310.

૫. જુઓ : 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય', હસુ યાજ્ઞિક, (૧૯૮૮), પૃ. ૧-૨.

૬. - એ જ, પૃ. ૨ - ૩.

૭. જુઓ : `A History of Indian Literature,' Maurice Winternitz, Vol .I `The oldest form of epic poetry in India, he said, was a mixture of prose and verse, the speeches of persons only being in verses, while the events connected in speeches were

narrated in prose. Originally only the verses used to be committed to memory and handed down, while the prosestory was left to be narrated by every reciter in his own words. Now in the dialogues hymns of the rigveda only the verse'- Portions, containing conversations have been preserved, while the prose protions of the narrative are lost to us.' P. 101.

૮. એ જ, પૃ. ૧૦૧.

૯. 'સીમાંકન અને સીમોલ્લંઘન', સિતાંશુ યશશ્ચંદ્ર (૧૯૭૭, પૃ. ૪-૫.

૧૦. 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય', પૃ. ૩.

૧૧. જુઓ : 'મધ્યકાલીન ગુજરાતી આખ્યાન' પુસ્તકમાં પ્રકરણ : ૧, 'વૈદિક સાહિત્યમાં આખ્યાન', (૧૯૬૯), પૃ.૩ થી ૩૪.

૧૨. 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય', પૃ. ૧૧.

૧૩. હરિષેણાચાર્યકૃત 'બૃહત્ કથાકોશ', એ. એન. ઉપાધ્યે, પૃ. ૧૨

૧૪. જુઓ : 'કમળના તંતુ', હરિવલ્લભ ભાયાણી, (પુનર્મુદ્રણ : ૧૯૯૪), પ્રસ્તાવના –'જાતક અને તેનું કથાસાહિત્ય', પૃ. ૧ થી ૧૦.

૧૫. 'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય', પૃ. ૧૪.

૧૬. જુઓ : શ્રી સંઘદાસગણિ વાચક–વિરચિત 'વસુદેવ–હિંડી', અનુવાદક : ભોગીલાલ સાંડેસરા, (૧૯૮૮). ઉપોદ્ઘાત - પૃ. ૧૩.

૧૭. એ જ, પૃ. ૧૪ – ૧૫.

૧૮. જુઓ : Bhoja's `Srngara Prakasa', By:- Dr. V. Raghavan, (1963), `The Sanskrit version of the `BRHATKATHA' known to Bhoja', P. 839 to 844.

૧૯. 'પંચતંત્ર', અનુ. ભોગીલાલ જ સાંડેસરા, (૧૯૭૯), ઉપોદ્ઘાત – પૃ.૧.

૨૦. 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', સંપા. મંજુ ઝવેરી, એપ્રિલ – જૂન ૧૯૭૮, પુસ્તક ૪૩, અંક ૨ માં 'પ્રાચીન ભારતીય લોકકથા તથા એનું ભારતબાહ્ય પ્રદેશમાં સંચરણ', પૃ. ૯૭.

૨૨. વધુ વિગત માટે જુઓ : એ જ,, પૃ. ૯૭ – ૯૮.

૨૩. -જુઓ : 'કમળના તંતુ', હરિવલ્લભ ભાયાણી, પૃ. ૧૦.

૨૪. જુઓ : 'અન્વેષણા', ભોગીલાલ સાંડેસરા, (૧૯૬૭), 'એશિયાની સાંસ્કૃતિક એકતા' વાળો લેખ; પૃ. ૧૧૩ થી પૃ. ૧૨૦.

૨૫. જુઓ : 'જાતક', પ્રથમ ખંડ (હિન્દી અનુવાદ), અનુ. ભદન્ત આનંદ કૌસલ્યાયન, (૧૯૯૪), 'વસ્તુ–કથા'માં પૃ. ૨૮.

૨૬. જુઓ : 'પંચતંત્ર', અનુ. ભોગીલાલ જ આંડેસરા, પૃ. ૬૧ થી ૬૫.

૨૭. વધુ વિગત માટે જુઓ : 'History of Indian Literature', By : M.Winternitz, Vol. III, Translated from the German with Additions By : Subhadra Jha, 1963, P. 364. તથા 'ફા. ગુ. સ. ત્રૈ', એપ્રિલ–જૂન ૧૯૭૯, પુસ્તક ૪૪, અંક ૨માં 'પ્રાચીન ભારતીય લોકકથા તથા એનું ભારતબાહ્ય પ્રદેશમાં સંચરણ', કનુભાઈ શેઠ, પૃ. ૧૨૧-૧૨૨.

૨૮. વધુ વિગત માટે જુઓ : એ જ, -History of Indian literature, P. 369, 375 - 376 તથા 'ફા.ગુ.સ.ત્રૈ', એપ્રિલ – જૂન ૧૯૭૯, પૃ. ૧૨૩.

❖ ❖ ❖